હવે, અમદાવાદમાં યોજાશે 'હાઉડી ટ્રમ્પ'..!!

ફેબ્રુઆરીમાં ટ્રમ્પ ત્રણ દિવસની ભારત મુલાકાતે આવશે ત્યારે અમદાવાદમાં હાઉડી ટ્રમ્પ યોજાવાની શક્યતા,વિશ્વના સૌથી મોટા મોટેરા સ્ટેડિયમમાં ઉદ્‌ઘાટનની સાથે-સાથે આ કાર્યક્રમ યોજવાની હિલચાલ

અમેરિકામાં આયોજીત હાઉડી મોદી કાર્યક્રમમાં પીએમ મોદીનો ડંકો સમગ્ર દુનિયામાં વાગ્યો હતો. તેવામાં ચર્ચા છે કે, આ કાર્યક્રમની અપ્રતિમ સફળતાને જોઈને ડોનાલ્ડ ટ્રમ્પ પણ અમદાવાદ આવીને આવો જ કોઈ કાર્યક્રમ કરી શકે છે. સુત્રો પાસેથી મળેલી જાણકારી પ્રમાણે, અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ આગામી મહિને ભારત પ્રવાસે આવી શકે છે. રાષ્ટ્રપતિના નજીકનાં સુત્રોએ નામ ન આપવાની શરતે આ માહિતી આપી હતી.

ડોનાલ્ડ ટ્રમ્પનો ભારત પ્રવાસ ફેબ્રુઆરી મહિનામાં થશે. અને આ કાર્યક્રમ લગભગ નક્કી છે. અને હાલ તેની તારીખોને લઈ કામ ચાલી રહ્યું છે. સુત્રોએ જણાવ્યું કે આ કાર્યક્રમ ત્રણ દિવસનો હશે. જેમાં ટ્રમ્પ દિલ્હી ઉપરાંત ભારતનાં કોઈપણ એક શહેરની મુલાકાત લેશે. અને આ શહેરમાં હ્યુસ્ટનમાં હાઉડી મોદી કાર્યક્રમ જેવી એક ઈવેન્ટ પણ થશે. અને આ નજીકનાં સુત્રે જણાવ્યું કે, અમદાવાદ જ તે શહેર હોઈ શકે છે. અને આ કાર્યક્રમમાં પીએમ મોદી પણ ભાગ લેશે તેવી આશાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે.

દરમ્યાનમાં એવી માહિતી મળી રહી છે કે અમદાવાદમાં ગુજરાત ક્રિકેટ એસોશિએન દ્વારા વિશ્વનું સૌથી મોટું ક્રિકેટ સ્ટેડિયમ લગભગ બનીને તૈયાર થઇ ગયું છે. વડાપ્રધાન મોદી અને અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પનો સંભવિત કાર્યક્રમ હાઉડી ટ્રમ્પ આ જ સ્ટેડિયમમાં યોજવાની હિલચાલ એટલા માટે પણ જોવા મળી રહી છે કે વૈશ્વિક સ્તરના કાર્યક્રમના પગલે મોટેરા સ્ટેડિયમને પણ વિશ્વ વ્યાપી પ્રસિદ્ધિ મળી જાય અને આ બંન્ને

મહાનુભાવોના હસ્તે ઉદ્‌ઘાટન પણ થઇ જાય.

આ અગાઉ ચીનના રાષ્ટ્રપતિ જિનપિંગ પણ અમદાવાદના મોંઘરા મહેમાન બની ચૂક્યા છે અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ગાંધીનગર આશ્રમમાં તેમનું યથા યોગ્ય સ્વાગત કરવામાં આવ્યું હતુ. અમેરિકી રાષ્ટ્રપતિ પણ અમદાવાદની મુલાકાત વખતે ગાંધી આશ્રમની મુલાકાત લે તેવી પણ પૂરેપૂરી શક્યતા છે કેમ કે એવી એક પરંપરા રહી છે કે જ્યારે આ પ્રકારના કોઇ રાજકીય મહાનુભાવ ગુજરાતની મુલાકાત લે ત્યારે રાષ્ટ્રપિતા ગાંધીજી દ્વારા સ્થાપિત આશ્રમની મુલાકાત લઇને તેમને શ્રદ્ધાંજલિ આપતાં હોય છે.

ગુજરાતી મૂળનાં અમેરિકીઓ હાઉડી ટ્રમ્પ શોમાં સામેલ થવાની સંભાવના છે. સુત્રએ એમ પણ જણવાયું કે, અમેરિકી રાષ્ટ્રપતિના હેન્ડલર્સ દ્વારા આ વર્ષે અમેરિકામાં થનાર ચૂંટણીને લઈ એક સારી ઈવેન્ટ માની રહ્યા છે. અને તેમાં પણ ખાસ કરીને ગુજરાતીઓની સંખ્યાને જોતાં. અમેરિકામાં ભારતીય લોકો એક મહત્વપુર્ણ વોટ બેંક છે. ખાસ કરીને અમેરિકામાં અને બ્રિટેનમાં.

તો ટ્રમ્પની આ મુલાકાતમાં અમેરિકા અને ભારત વચ્ચે વેપાર કરાર પણ થઈ શકે છે. જેના કારણે અમેરિકી કંપનીઓને ભારતીય બજારમાં સરળતાથી એન્ટ્રી મળી શકશે. આ વેપાર કરારથી ભારતીય વેપાર-ઉદ્યોગ અને અર્થતંત્રને મોટો ફાયદો મળે તેવી શક્યતા છે.

ખૂણેખાંચરેથી

- જિલ્લા પંચાયતના પ્રમુખ મંગુબેન પટેલની દિકરી અંજલિના લગ્ન પ્રસંગે જિલ્લા તેમજ પ્રદેશ નેતાઓ અને ૨૦ થી વધુ જિલ્લા પંચાયતના પ્રમુખોની હાજરી તેમજ ધારાસભ્યોની હાજરીથી રાજકીય મેળાવડા જેવો માહોલ જામ્યો હતો.
- ગાંધીનગર શહેરની બંધ રહેતી સ્ટ્રીટલાઈટનો મુદ્દો આજે જિલ્લા સંકલન સમિતિમાં પણ ચર્ચાયો હતો.
- ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાને એમ.એલ.એ. હોસ્ટેલમાં ફાળવવામાં આવેલ મકાન બદલાયુ છે તે પહેલાં ૧/૧૦ માં હતુ હવે ૫/૭ માં રહેવા ગયા છે.
- ગાંધીનગર શહેરમાં ટ્રાફિક સિગ્નલ પછી ટ્રાફિક નિયમન માટે હવે ''સ્ટોપલાઈન'' દર્શાવતુ રેખાંકન ટ્રાફિક પોલીસ દ્વારા કરવામાં આવ્યુ છે. આગામી દિવસોમાં ટ્રાફિક નિયમન માટે પોલીસ કડક કાર્યવાહી કરે તેવા સંકેતો છે.
- ગાંધીનગર શહેર અને જિલ્લામાં આ ૧૭, ૧૮ અને ૧૯ તેમજ ૨૦ મી સુધી લગ્નસરાની ભારે મોસમ છે.
- શિક્ષણ સંસ્કૃતિ ઉત્થાન ન્યાસના ગુજરાત પ્રાંતનો અભ્યાસ વર્ગ મહર્ષિ અત્રિ સ્કૂલ ખાતે આજથી શરૂ થયો છે.

લીંબડીયા પાસે લકઝરી બસે પલટી મારી

ચિલોડા-નરોડા-હિંમતનગર હાઈવે રોડ પર હાલમાં સીક્સલાઈન અને ઓવરબ્રીજનું કામકાજ પુરજોસમાં ચાલી રહ્યું છે. ત્યારે વહેલીસવારે ચિલોડાથી નરોડા તરફ જતી રાજસ્થાન રાજ્યની પાસીંગ લકઝરી બસ આરજે-૦૬-પીબી-૧૯૫૧ જતી અચાનક રોડ સાઈડથી બસ પલટી ખાઈ જતાં અકસ્માત સર્જાયો હતો. લકઝરી બસમાં બેઠેલા મુસાફરોનો અદ્‌ભૂત બચાવ થવા પામ્યો હતો. આ અંગે લીંબડીયા ગામના સરપંચ હર્ષદભાઈ પટેલ હાઈવેનું કામ અંગે કે.સી.સી. દ્વારા ઘોર બેદરકારીથી લકઝરી બસ પલટી ખાઈ જતાં આવા ગંભીર અકસ્માત અને રોડના કામકાજ અંગે વારંવાર રજૂઆત કરવા છતાં તંત્ર દ્વારા ઘોર બેદરકારી સામે અનેક સવાલો ઉભા થયા છે તેવો રોષ વ્યક્ત કર્યો હતો.

શિક્ષણ સંસ્કૃતિ ઉત્થાન ન્યાસ કાર્યકર્તા અભ્યાસ વર્ગનો પ્રારંભ

ગાંધીનગર, તા.૧૮

શિક્ષણ સંસ્કૃતિ ઉત્થાન ન્યાસ ગુજરાત પ્રાંત દ્વારા કાર્યકર્તા અભ્યાસ વર્ગનું તા.૧૮ અને ૧૯ બે દિવસીય આયોજન મહુડી રોડ પર પીંપળજ નજીક મહર્ષિ અત્રિ તપોવન શાળા ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં કાર્યકર્તાઓ મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા.

ગાંધીનગર-મહુડી માર્ગ પર પીંપળજ ગામ નજીક આવેલ મહર્ષિ અત્રિ તપોવન શાળા ખાતે બે દિવસીય શિક્ષણ સંસ્કૃતિ ઉત્થાન ન્યાસ ગુજરાત પ્રાંત દ્વારા કાર્યકર્તા અભ્યાસ શિબિરનું આયોજન કરાયું હતું. જેમાં મુખ્ય મહેમાન તરીકે ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાંત જહા, રાષ્ટ્રીય સચિવ અતુલજી કોઠારી, જીટીયુ ગાંધીનગરના કુલપતિ પ્રો.નવીનભાઈ શેઠ, કુલપતિ ચિલ્ડ્રન યુનિવર્સિટીના પ્રો.હર્ષદભાઈ શાહ, આઈઆઈટીઈના કુલપતિ પ્રો.હર્ષદભાઈ પટેલ, ભાવનગર યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ પ્રો.ડો.શૈલેશભાઈ ઝાલા, આઈઆઈટીના પૂર્વ કુલપતિ શશીરંજન યાદવ, ઓમ શર્માજી, જયેન્દ્રસિંહ જાદવ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરુઆત ઉપસ્થિત મહેમાનોના હસ્તે દિપ પ્રાગટય કરીને કરી હતી. ત્યારબાદ મહેમાનોનું સ્વાગત સ્મૃતિ ચિહન અને પુસ્તક આપી કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે હાજર ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાંત જહાએ દેશ કો બદલના હે તો શિક્ષા કો બદલો વિષય પર જણાવ્યું હતું કે ઘણા સમયથી વિચારુ છુ કે શિક્ષણક્ષેત્રેના બદલાવ માટે ભાષણો, પરિસંવાદો યોજાય છે અને મિડીયામાં આવે છે તેમ છતા પરિણામ શુન્ય કેમ આવે છે. જીવનમાં જે જરૂરી છે તે ભણાવવામાં આવતુ નથી અને જે ભણાવવામાં આવે છે તે જીવનમાં ક્યાંય જરૂરી હોતું નથી. સમાજ અને દેશને બદલવાની ક્ષમતા શિક્ષકમાં છે. વિચાર પ્રબળ બનાવીશુ તો બધુ જ બદલી શકાય છે. આ પ્રસંગે અતુલજી કોઠારીએ પણ કોઈપણ સારુ કામ કરવુ હોય તો તેમા કઠણાઈ આવે જ ન આવે તેવુ ન બને, શિક્ષણના સમસ્યાઓની ચર્ચા હોય છે સમાધાનની ચર્ચા થવી જોઈએ, જે દેશમાં શિક્ષણક્ષેત્રે નકારાત્મક દ્રષ્ટિ હોય તે દેશનું ઉત્થાન થાય જ નહી તેમ જણાવી શિક્ષણક્ષેત્રેના અનેક પડકારો અને સમસ્યાઓની વાતો કાર્યકરોને કરી હતી. આ પ્રસંગે મોટીસંખ્યામાં કાર્યકરો હાજર રહ્યા હતા.

ગ-૧ થી ગ-૨ તરફ જતા માર્ગ પર રીક્ષાને કારે ટક્કર મારતા ત્રણને ઈજા

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર શહેરના ગ-૧ થી ગ-૨ તરફ જતા માર્ગ પર પસાર થઈ રહેલી રીક્ષાને પાછળના ભાગે કાર ચાલકે ટક્કર મારતા રીક્ષા પલ્ટી ખાઈ ગઈ હતી. જેમાં રીક્ષામાં સવાર ત્રણ સભ્યોને ઈજા પહોંચી હતી. બનાવ અંગે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

કડી તાલુકાના ડાંગરવા ગામે ઓટામાં રહેતા કૃણાલ ભરતભાઈ દંતાણી (ઉં.વ.૨૪) રીક્ષા ચલાવી પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. કૃણાલ દંતાણી તેના પત્ની અને ભાઈ સાથે પોતાના મોસાળ સેકટર-૩ સી ખાતે આવ્યા હતા. ત્યારબાદ ત્રણ વાગ્યાના અરસામાં કૃણાલ તેમજ ઘરના સભ્યો ઘરે જવા માટે નીકળ્યા તે સમયે જી.જે.૦૧.સી. ઝેડ-૨૩૭૩ ને પાછળના ભાગે અલ્ટો કાર નં. જી.જે.૧૮.એ.બી. -૭૬૫૮ ના ચાલકે ગાડી પુરઝડપે ગફલતભરી રીતે હંકારી રીક્ષાને પાછળથી ટક્કર મારતા રીક્ષા પલ્ટી ખાઈ ગઈ હતી. જેને પગલે રીક્ષા ચાલક તેમજ તેના પરિવારના સભ્યોને માથામાં તેમજ હાથે-પગે ઈજા પહોંચતા સારવાર માટે લઈ જવાયા હતા. બનાવ અંગે રીક્ષા ચાલકે ફરીયાદ નોંધાવતા સે-૭ પોલીસ મથકે પોલીસે ગુનો નોંધી ફરાર કાર ચાલકને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

પ્રમુખપદનો કાર્યભાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

હતા. ત્યારબાદ તેઓ રાજ્ય અને કેન્દ્રમાં પ્રધાન તરીકે રહ્યા હતા. ૫૮ વર્ષીય નડ્ડાને લોકસભા ચૂંટણી પહેલા ઉત્તરપ્રદેશની જવાબદારી સોંપવામાં આવી હતી. આ જવાબદારી નડ્ડાએ અસરકારક રીતે અદા કરી હતી. પ્રદેશમાં બે સૌથી મોટી પ્રાદેશિક પાર્ટી સમાજવાદી પાર્ટી અને બહુજન સમાજવાદી પાર્ટી હોવા છતાં ભારતીય જનતા પાર્ટીએ શાનદાર જીત મેળવી હતી. ભારતીય જનતા પાર્ટીએ અહીં ૬૨ સીટ જીતીને તમામને ચોંકાવી દીધા હતા. સમાજવાદી પાર્ટી અને બહુજન સમાજવાદી પાર્ટીની હાલત કફોડી રહી હતી. અપેક્ષા કરતા પણ વધારે સીટ ભારતીય જનતા પાર્ટીને મળી હતી. ત્રણ વખત ધારાસભ્ય તરીકે રહેલા નડ્ડા રાજ્યસભામાં હિમાચલનુ પ્રતિનિધીત્વ કરે છે.

ભગવાન કહેશો તો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વરિષ્ઠ વકીલ ઈન્દિરા જયસિંહે ટ્વિટ કરીને કહ્યું હતું કે, હું આશા દેવીનું દર્દ પૂરી રીતે સમજું છું. તેમ છતાંય હું તેમને અપીલ કરું છું કે તેઓ સોનિયા ગાંધીના ઉદાહરણનું અનુકરણ કર, જેઓએ નલિનીને માફ કરી દીધી અને કહ્યું કે તેઓ તેમના માટે મૃત્યુદંડ નથી ઈચ્છતા. અમે આપની સાથે છીએ, પરંતુ મૃત્યુદંડની વિરુદ્ધ છીએ. નિર્ભયાની માતા આશા દેવીએ ઈંદિરા જયસિંહને સણસણતો જવાબ આપ્યો હતો. તેમને કહ્યું હતું કે, મને સલાહ આપવા વાળી ઈન્દિરા જયસિંહ કોણ? મને વિશ્વાસ નથી થતો કે આખરે ઈંદિરા જયસિંહ મને આ પ્રકારની સલાહ આપવાની હિંમત જ કેવી રીતે કરી શકે. છેલ્લા કેટલાક વર્ષોમાં સુપ્રીમ કોર્ટમાં તેમની અનેકવાર મુલાકાત થઈ છે. તેમને એકવાર પણ મારા હાલચાલ નથી પુછ્યા અને આજે તેઓ દોષિતો તરફી બોલી રહ્યાં છે.

જમ્મુ કાશ્મીરમાં મોબાઈલ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પોસ્ટ પેડ પર ઈન્ટરનેટ સેવા પણ ફરી શરૂ કરી દેવામાં આવી છે. જોકે, હાલમાં બડગાઉ, બારામુલ્લા, શ્રીનગર, કુલગામ, અનંતનાગ અને પુલવામામાં ઈન્ટરનેટ સેવા બંધ રહેશે. આની સાથે સાથે શનિવારથી જ ગુરુવારની વચ્ચે ૩૬ કેન્દ્રિય મંત્રી જમ્મુ કાશ્મીર જશે. કેન્દ્રિય ગૃહ રાજ્ય મંત્રી જી કિશન રેડ્ડીએ માહિતી આપતા કહ્યું છે કે, ૩૭૦ કલમને દુર કરવામાં આવ્યા બાદ લોકોની વચ્ચે તમામ જરૂરી બાબતો પહોંચાડવા જુદા જુદા આયોજન થઈ રહ્યા છે. રેડ્ડીએ કહ્યું છે કે, કાશ્મીરની સ્કુલો, કોલેજો અને હોસ્પિટલમાં જઈને જુદી જુદી માહિતી એકત્રિત કરવામાં આવશે અને લોકોને માહિતી આપવામાં આવશે. કેન્દ્ર સરકાર જમ્મુ કાશ્મીરને લઈને ખુબ જ ગંભીર બનેલી છે.

સાંઈબાબાની જન્મભૂમિ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સુજય વિખે પાટિલે કાનુની લડાઈ લડવાની જાહેરાત કરી દીધી છે. અત્રે નોંધનીય છેકે પરભાણી જિલ્લામાં પાથરી શિરડીથી આશરે ૨૭૫ કિલોમીટરના અંતરે સ્થિત છે. ઠાકરેએ આને સાઈ જન્મભુમિ તરીકે ગણાવીને ચર્ચા જગાવી છે. સાથે સાથે તેના વિકાસ માટે ૧૦૦ કરોડ રૂપિયાની જાહેરાત કરી છે. એમ તો સાઈના જન્મને લઈને કોઈની પાસે પાકી માહિતી નથી. પરંતુ કહેવામાં આવે છે કે તેઓ શિરડીમાં આવીને વસી ગયા હતા. ત્યારબાદ તેઓ અહીંના થઈને રહી ગયા હતા. ત્યારબાદ શિરડીની ઓળખ પણ સાઈના કારણે જ થઈ હતી. મુખ્યપ્રધાનની જાહેરાત બાદ શિરડી ગામના નિવાસી નારાજ છે. શિરડી સાઈ ટ્રસ્ટના કાર્યકરો કહે છે કે તેમને પાથરીમાં વિકાસ થાય તેને લઈને કોઈ વાંધો નથી. પરંતુ તેને સાઈની જન્મભુમિ કહેવાની બાબત યોગ્ય નથી. આ પહેલા પણ સાઈ બાબા અને તેમના માતાપિતાના સંબંધમાં કેટલાક દાવા કરવામાં આવી ચુક્યા છે. મુખ્યપ્રધાનના નિવેદનથી લોકો એટલી હદ સુધી નારાજ છે કે શિરડી બંધની હાકલ કરી દીધી છે. વિવાદને શાંત કરવા માટે મહારાષ્ટ્ર વિધાન પરિષદની ઉપસભાપતિ અને શિવસેના નેતા નિલમ ગોર્હેએ શિરડી પહોંચીને શિરડી બંધ ન કરવાની અપીલ કરે છે. તેમણે કહ્યુ છે કે મુખ્યપ્રધાન ઉદ્ધવ પોતે આ સંબંધમાં શિરડીના લોકો સાથે વાતચીત કરનાર છે.

હિમવર્ષા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સાથે વરસાદ પડી શકે છે. જેથી આ તમામ વિસ્તારોમાં ઠંડી વધી જવાના સંકેતો છે. ઉત્તરાખંડ સરકારના તમામ પ્રયાસો છતાં હજુ પણ માર્ગ વ્યવહારને સામાન્ય બનાવી દેવામાં સફળતા મળી નથી. વર્તમાન સ્થિતીમાં સરકારનુ સૌથી વધારે ધ્યાન પ્રાથમિક ઉપચાર કેન્દ્રો પર છે. રાષ્ટ્રીય રાજમાર્ગો પર ધુમ્મસના કારણે કેટલીક જગ્યાએ અકસ્માતો પણ થયા છે. જમ્મુ કાશ્મીરમાં લડાખના ખારદૂંગલા ક્ષેત્રમાં એક ટ્રક શુક્રવારે ભખડો ધસી પડવાના સકંજામાં આવી જતાં લોકો લાપતા થયા હતા. સરહદ માર્ગ સંગઠનના અધિકારીઓનું કહેવું છે કે, શોધખોળની પ્રક્રિયા હજુ ચાલી રહી છે. આ ટ્રકમાં ૧૦ લોકો મુસાફરી કરી રહ્યા હતા. શૂન્યથી ૧૫ ડિગ્રી નીચે તાપમાનની સ્થિતિ વચ્ચે સ્થિતિ જટિલ બની ગઈ હતી.

કાંઈક અલગ ફીલીંગ્સ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ક્ષેત્રમાં આગળ હોય છે. પ્રકૃતિ જણાવે છે કે આગામી દિવસોમાં શરમણ જોષીની એક ફીલ્મમાં તેને બ્રાઈડનો રોલ મળ્યો છે. જ્યારે બોલીવુડની મુવીમાં તેણે એક ગ્રામિણ મહીલાનો કીરદાર નિભાવાની તિવ્ર ખેવના છે. ગાંધીનગરમાં રહીને શિક્ષણ મેળવ્યુ હોવાથી આ ગ્રીનસીટી તેને ગજબનો નાતો છે. પરંતુ ગાંધીનગરના લોકો તેણીને ખુબ પસંદ છે.તેના મતે ગાંધીનગરાઓ કાયમ સૌને વેલકમ કરવા તૈયાર હોય છે.જેથી વિશેષ પોતાનાપણાનો અનુભવ થાય છે. આજે સે-૧ તળાવ નજીક સ્થિત પ્રેસિડન્ટ લોન્જ મીટ એન્ડ ગ્રીટ દરમિયાન નઝારો નિહાળીને પણ પ્રભાવિત થયા હતા. પ્રેસિડન્ટ લોન્જ ગાંધીનગરાઓ માટે એક ઉત્તમ રેસ્ટોરન્ટ હોવાનુ પણ તેમણે જણાંવ્યુ હતુ.

ધરપકડ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ન રહેતા હાર્દિક પટેલની ધરપકડ કરી લેવામાં આવી છે. હાર્દિક પટેલ છેલ્લા ઘણા સમયથી કોર્ટ તરફથી સુચના મળી હોવા છતાં ઉદાસીન વલણ અપનાવી રહ્યો હતો. બિનજામીનપાત્ર ધરપકડ વોરંટ જારી કરાયાના છ કલાક બાદ જ હાર્દિક પટેલની ધરપકડ કરાઈ હતી. ધરપકડ બાદ હવે હાર્દિક પટેલને રાત્રે ક્રાઈમ બ્રાંચના લોકઅપમાં રાખવામાં આવશે. સવારે કોર્ટમાં મંજુરી લીધા બાદ રજુ કરાશે. મળેલી માહિતી મુજબ વિરમગામ નજીકની હાંસલપુર ચોકડી પાસેથી હાર્દિક પટેલની આજે ધરપકડ કરવામાં આવી હતી. આવતીકાલે રવિવારના દિવસે અથવા તો સોમવારના દિવસે હાર્દિક પટેલને રાજદ્રોહ કેસના સંદર્ભમાં રજુ કરવામાં આવે તેવી શક્યતા છે. રાજદ્રોહ કેસમાં હાર્દિક પટેલ કોર્ટમાં સતત ગેરહાજર રહેતા હતા. જેથી કોર્ટે કઠોર વલણ અપનાવ્યુ હતું અને બિનજામીનપાત્ર ધરપકડ વોરંટ જારી કર્યું હતું. સેશન્સ કોર્ટે હાર્દિક પટેલની સામે કઠોર પગલા લીધા છે. હાર્દિક પટેલે કોર્ટમાં ઉપસ્થિત રહેવામાંથી મુક્તિ આપવાની માંગ કરીને અરજી દાખલ કરી હતી. પરંતુ આ અરજીને ફગાવી દેવામાં આવી હતી. આજે કોર્ટમાં સુનાવણી ચાલી હતી. સુનાવણી દરમિયાન ચિરાગ પટેલ અને દિનેશ બાંભણિયા હાજર રહ્યા હતા. આ સમગ્ર મામલામાં વધુ સુનાવણી ૨૪મી જાન્યુઆરીના દિવસે હવે હાથ ધરવામાં આવનાર છે. હાર્દિક પટેલની મુશ્કેલીઓ રાજદ્રોહના મામલામાં વધવાની શક્યતા છે. હાર્દિક પટેલ પાટીદાર આંદોલનને લઈ લોકોમાં ચર્ચામાં આવ્યો હતો. ત્યારબાદથી લોકપ્રિયતા વધી હતી.

ગમે તેવી બહેરાશ હોય તો પણ વ્યક્તિ સાંભળતી બની શકે છે

અપોલો હોસ્પિટલ્સે બહેરાશ ધરાવતા દર્દીઓ સાથે 'સ્પિરિટ ઓફ હિઅરિંગ'ની ઉજવણી કરી

બહેરાશ ધરાવતાં દર્દીઓ માટે હવે બહુ મોટી રાહત અને આશાના કિરણની વાત જણાવતાં ભારતનાં કોકલીયર ઈમ્પ્લાન્ટ ગ્રુપનાં પ્રેસીડન્ટ અને અપોલો હોસ્પિટલ્સનાં ઈએનટી, હેડ એન્ડ નેક સર્જરી વિભાગનાં હેડ અને પ્રોફેસર ડો. રાજેશ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, હવે ગમેતેવી કે કોઈપણ પ્રકારની બહેરાશ હોય તો પણ વ્યકિતને સાંભળતો કરવાનું શકય બન્યું છે. લેટેસ્ટ તબીબી વિજ્ઞાન અને અત્યાધુનિક ટેકનોલોજીની મદદથી તમામ પ્રકારની બહેરાશ માટે સોલ્યુશન લાવી શકાય છે. તબીબી ઉપકરણો જેમકે મધ્યમ બહેરાશ માટે હિઅરીંગ એડ, ગંભીર બહેરાશ માટે કોકલીયર ઈમ્પ્લાન્ટ અને કન્ડકિટવ બહેરાશ માટે બોન કન્ડકશન ઈમ્પ્લાન્ટનું પાલન દર્દીઓને સામાન્ય વ્યક્તિ જેવી શ્રવણક્ષમતા પ્રદાન કરે છે.

એપોલો હોસ્પિટલ દ્વારા બહેરાશ ધરાવતા દર્દીઓ માટે સ્પીરીટ ઓફ હીયરીંગની અનોખી ઉજવણી કરાઈ હતી, જે પ્રસંગે મિસ ડેફ વર્લ્ડ કુ.વિદિશા બલિયાને ડેફ દર્દીઓને પ્રોત્સાહિત કર્યા હતા. મિસ ડેફ વર્લ્ડ ૨૦૧૯ અને રોલ મોડલ ફોર હિઅરિંગ ઈમ્પેરમેન્ટ ૨૦૧૯ની રાષ્ટ્રીય એવોર્ડવિજેતા કુમારી વિદિશા બલિયાને જણાવ્યું હતું કે, હું સમાજના બાળકો અને તેમના માતા-પિતાને ખાસ સંદેશો આપવા માંગુ છુ કે, તમારા સંતાનમાં બહેરાશપણુ હોય તો શકય એટલુ ઝડપથી તેનું નિદાન કરી તેની સારવાર શરૂ કરી તેમને પણ સાંભળતા કરી શકાય છે. મારા જીવનની સફર પણ પડકારજનક અને અનેક અંતરાયોભરી રહી છે પરંતુ મેં હિંમત હારી નહી અને મારૂ જીવન બદલવા માટે હું સતત પ્રયાસશીલ રહી. આખરે એપોલો

હોસ્પિટલના ડો.રાજેશ વિશ્વકર્મા અને તેમની ટીમની અસરકારક સારવાર અને પરિશ્રમના કારણે મને સાંભળવામાં સફળતા મળી. હું બહેરાશ ધરાવતા દર્દીઓ અને તેમના માતા-પિતાને પણ એ જ કહેવા માંગુ છુ કે, ભલે તમારી બહેરાશને લઈ લોકો મજાક ઉડાવે કે, તમને ખરાબ કહે પરંતુ તેની પર ધ્યાન આપવાના બદલે તમે કોઈપણ સંજોગોમાં હિંમત ના હારશો. આ એવી વિકલાંગતા નથી કે જે સારી ના થઈ શકે. હવે તો લેટેસ્ટ ટેકનોલોજી અને તબીબી વિજ્ઞાનની મદદથી વ્યકિત સાંભળતી થઈ શકે છે. આ પ્રસંગે ડો.રાજેશ વિશ્વકર્માએ જણાવ્યું કે, બહેરાશ એ અપંગતા નથી, પણ વિકલાંગતા છે, જેને સારવાર અને ઉપચાર દ્વારા નિવારી શકાય. અમે અપોલો હોસ્પિટલ્સમાં સ્પીચ એન્ડ હિઅરિંગ કેર ઓફર કરીએ છીએ, જેમાં શબ્દ બ્રહ્મા સ્પીચ એન્ડ હિઅરિંગ કિલનિકમાં બહેરાશ માટે ઓડિયોલોજિસ્ટ, સ્પીચ-લન્ગુએજ થેરપિસ્ટ અને બહેરા લોકો માટે શિક્ષકો- ડેફ એડ્યુકેટર્સની કુશળ ટીમ સાથે સમન્વય કરીને બહેરાશની સમસ્યાને દૂર કરવા માટે શક્ય શ્રેષ્ઠ સોલ્યુશન્સ પ્રદાન કરીએ છીએ. અપોલો હોસ્પિટલ્સે બહેરાશ ધરાવતા દર્દીઓ માટે એક પ્રેરક ઈન્ટરેક્ટિવ સેશનનું આયોજન કર્યું હતું. આ સેશન પછી ટેલેન્ટ શોનું આયોજન થયું હતું, જેમાં બહેરાશ ધરાવતા અને હિઅરિંગ ઈમ્પ્લાન્ટની સારવાર મેળવેલા ૨૦ દર્દીઓ સામેલ થયા હતા. ભારતમાં બહેરાશને ગંભીર ગણવામાં આવે છે, પણ આ અતિ ઉપેક્ષિત સ્થિતિ છે.

મોરપીંછના રંગ ● ચોથા પાનાનું ચાલુ

છે, જો કે એ પણ સત્ય છે કે આ ચારેય વર્ણના અનેક લોકો ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરીને, શાસ્ત્રો, વિજ્ઞાન, ધર્મ અને ટેકનોલોજીનું જ્ઞાન મેળવીને ઉચ્ચ કોટિએ પહોંચીને પોતાના ડીએનએને બદલી શક્યા છે. પોતાની પારિવારિક સંસ્કારધારાને, વિચારધારાને બદલીને સમાજના મુખ્ય પ્રવાહમાં દુધમાં સાકર ભળે તેમ ભળી ગયા છે.

આપણા ભારતીય સમાજમાં લગ્ન એ પવિત્ર ધાર્મિક પરંપરા છે. જેનાથી બે પરિવારો એક બને છે. અને આજે પણ મોટાભાગે લગ્ન જ્ઞાતિમાં જ કરવાની પ્રથા છે. એનું કારણ પણ શુદ્ધ છે. એક ડીએનએ, એક સંસ્કાર, એક વાતાવરણ અને એક માનસિકતા... ભલે સદીઓ બદલાય પણ ડીએનએ બદલાતા, સંસ્કાર બદલાતા સદીઓ વિતી જાય છે, તેથી લગ્નો જ્ઞાતિમાં કરવા એ સમાજ માટે પણ હિતાવહ છે. જો કે આજે જ્ઞાન મેળવવાના તમામ સાધનો અને માધ્યમો ઉપલબ્ધ છે જેના થકી શિક્ષિત થઈને સૌ કોઈ સંસ્કારધારા બદલીને, ડીએનએ બદલીને બ્રાહ્મણત્વ મેળવી શકે છે. આજે સાંબરકાઠામાં, અરવલ્લી વિસ્તારોમાં અનેક વર્ણના લોકો પોતાની અસલી જ્ઞાતિ છૂપાવીને, પોતાની અટક બદલીને પંડ્યા, દવે, જોશી, ત્રિવેદી, વ્યાસ, દેસાઈ, ઠાકર, વગેરે અટક રાખીને સર્ટિફિકેટમાં તો બ્રાહ્મણ બની જવાશે પણ હજારો લાખો વર્ષના વારસાગત મળેલા ડીએનએનું શું? સંસ્કારનું શું? જ્યા સુધી આ નહીં બદલાય ત્યા સુધી બધું જ નકામું છે. એટલે તો કદાચ એ કહેવત બની છે કે '' જાત વિના ભાત ના પડે '' અહીં જાત એટલે જ્ઞાતિ જાતિ કરતા સંસ્કારનો ભેદ બતાવવામાં આવ્યો છે. સારા સંસ્કાર હોય તો માણસ ગમે તે પરિસ્થિતિમાં પોતાના સંસ્કાર છોડતો નથી. સજ્જનતા છોડતો નથી તો તે ગમે જે જ્ઞાતિ જાતિનો હોય પણ બ્રાહ્મણ જ છે.

આપણી સામાજિક અને પારિવારિક વ્યવસ્થાને મજબૂત કરવા ફૂળ અને ડીએનએ ખૂબ અગત્યના છે. કંઈ ધારામાંથી પ્રવાહ આવે છે, કંઈ પરંપરામાંથી આવે છે એના ઉપર આખું ભવિષ્ય હોય છે. જેમ રાજાઓ કે ઋષિમૂનિઓની આખી વંશાવલિઓ હતી કે વેપારીઓની પેઢી દર પેઢી વંશાવલિ હતી તે બધુ ધ્યાનમાં રાખીને થયેલા પારિવારિક સંબંધો આજે પણ યથાવત છે. ભલે એ વખતે પણ હિંદુસમાજમાં બહુપત્નીત્વની પ્રથા અમલમાં હતી. ઋષિમૂનિઓ, રાજાઓ, સમ્રાટો, વેપારીઓને એકથી વધુ પત્નીઓ હોવાના ઉલ્લેખો મળે છે. પણ એ પોતાના સમાજમાં હોવાથી ટકતા હતા. સંતાનો વચ્ચે એકતા રહેતી. સંયૂક્ય કુંટુમ્બો હતા. કારણ સૌનું ડીએનએ એક હતું. અને આજના લગ્નો તૂટવાના કારણ જ્ઞાતિ જાતિ કે ડીએનએ જોયા જાણ્યા વિના થતા લગ્નો છે.

બે જુદી જુદી સંસ્કારધારાની વ્યક્તિ કદી લાંબો સમય એક સાથ